# શિવપુરાકંપામાં મધુર ડેરીની ચૂંટણીના મામલે બે જુથો વચ્ચે ઘર્ષણ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની આગામી ચૂંટણીના અનુસંધાનમાં પરિવર્તન પેનલ દ્વારા મધુર ડેરીના વર્તમાન ચેરમેન શંકરસિંહ રાણા સામે જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે તેનાથી છંછેડાયેલા શંકરસિંહ રાણાના ટેકેદારો તેમના ભાઈ કનકસિંહ રાણા અને અન્ય શખ્સો દ્વારા મધુર ડેરીના સભાસદ અને શિવપુરાકંપા મંડળીના ચેરમેન નટુભાઈ મૂળજીભાઈ પટેલને મત નહીં આપવા બાબતે ધાકધમકી આપી ઘર્ષણનું વાતાવરણ ઉભું કર્યું હતું. જેમાં શિવપુરાકંપામાં રાત્રે ૧૦.૩૦ કલાકે આ ટોળકીએ નટુભાઈ પટેલના સગા સંબંધી તેમજ અન્ય બહેનોને ધાકધમકી આપી અપશબ્દો બોલી નિર્લજ્જ પ્રદર્શન કર્યું હતું. આ બાબતની જાણ થતા શિવપુરાકંપામાં પરિવર્તન પેનલના રાજેન્દ્રસિંહ રાઠોડ અને અન્ય મિત્રો પહોંચી ગયા હતા. આ વખતે તંદગીલી સાથે ઘર્ષણ થતા ચિલોડાના પીઆઈશ્રી ઠકકર આવી જતા શંકરસિંહ રાણાના ટેકેદારો ભાગી ગયા હતા.

જયારે આ અસામાજિક પ્રવૃત્તિ સામે નટુભાઈ પટેલ દ્વારા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. તો મધુર ડેરીની ચૂંટણી માટે શંકરસિંહ રાણાના ટેકેદારોએ ધાકધમકી સાથે ગુંડાગીરી આચરતા સમગ્ર વિસ્તારમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. જયારે શિવપુરાકંપાના ૫૦ ગ્રામજનોની વિનંતી છતાં ચિલોડા પોલીસ સ્ટેશનમાં પોલિસ ફરિયાદ દાખલ નહીં કરતા માત્ર જાણવાજોગ અરજી સ્વીકારવામાં આવી હતી. આવા ગંભીર બનાવમાં પોલીસ ફરિયાદ ના લેવાતા ગ્રામજનોએ આક્રોશ વ્યકત કર્યો છે.

# શાળાઓના વિલીનીકરણ બાદ સંકુલો અન્ય સંસ્થાઓને સોંપાયા

## સે. ૨૦ શાળા કેમ્પસ ચિલ્ડ્રન યુનિ.ને, સે. ૨૯ સેન્ટ્રલ યુનિ. તેમજ સે. ૧૫ સંકુલ આઈ.આઈ.ટી.ને સોંપાયું

ગાંધીનગર, તા. ૨૮

વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોવાના બહાના હેઠળ શહેરની ચાર સરકારી શાળાઓનું અન્ય શાળામાં વિલીનીકરણ કરાયા બાદ આ શાળાના સંકુલોને અન્ય ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને સોંપી દેવાયા છે.

શહેરમાં થોડા સમય પૂર્વે સે. ૨૦, સે. ૨૯, સે. ૧૫ સહિતની ચાર સરકારી શાળાઓને અન્ય શાળામાં મર્જ કરવાનો નિર્ણય લેવાયા બાદ સ્થાનિક કક્ષાએ વિરોધનો વંટોળ ઉઠવા પામ્યો હતો. પ્રારંભિક તબક્કે શાળાઓના વિલીનીકરણના મુદ્દે છાનાખૂણે ગણગણાટ પ્રવતર્યા બાદ નગરની સ્વૈચ્છિક સંસ્થાઓ અને વાલીગણ પણ આ મામલે ઉગ્ર વિરોધ દાખવ્યો હતો. શહેરની ચાર શાળાઓને અન્ય શાળામાં મર્જ કરવાની હરકતના અંતે આ મામલે ઉચ્ચકક્ષાએ હાથ ધરાયેલ રજૂઆતોના દૌર બાદ પણ શિક્ષણ વિભાગ દ્વારા નિર્ણય યથાવત રાખવામાં આવ્યો હતો.

શાળાઓને અન્ય શાળામાં મર્જ કરવાની પ્રક્રિયાના અંતે હવે આ શાળાઓના સંકુલને પણ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને સોંપી દેવાયા છે. જેમાં સે. ૨૦ માધ્યમિક શાળા સંકુલ ચિલ્ડ્રન યુનિવર્સિટીને સે. ૨૯નું શાળા સંકુલ સેન્ટ્રલ યુનિવર્સિટી તેમજ સે. ૧૫ શાળાનું કેમ્પસ આઈ.આઈ.ટી. ને હસ્તે કરવામાં આવ્યું હોવાનું પણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે. મર્જ કરાયેલી આ શાળાઓના બિલ્ડીંગ સંકુલો અન્ય સંસ્થાઓ હેતુસર ઉપયોગ કરે તેવા આશયથી સોંપી દેવાયા હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૬
સૂર્યાસ્ત : ૭.૨૯

## તાપમાન

મહત્તમ : ૩૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૪૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
તેરી મેરી કહાની : ૧૨.૪૫, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
તેરી મેરી કહાની : ૧૦.૦૦
ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
રાઉડી રાઠોડ : ૧.૦૦, ૧૦.૦૦
ફરારી કી સવારી : ૪.૦૦
તેરી મેરી કહાની : ૬.૪૫

: સ્ક્રીન-૪ :
ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૧૦.૦૦
ફરારી કી સવારી : ૧.૦૦, ૧૦.૦૦
રાઉડી રાઠોડ : ૩.૩૦, ૬.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રાઉડી રાઠોડ : ૧૧.૧૫, ૪.૪૫, ૧૦.૧૫
કેવી રીતે જઈશ (ગુજરાતી) : ૨.૦૦, ૭.૩૦

: સ્ક્રીન-૨ :
તેરી મેરી કહાની : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૯.૧૫, ૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
ફરારી કી સવારી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

### સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ગૈંન્સ ઓફ વાસાઈપુર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### સાંસ્કૃતિક

- રાત્રે ૯.૧૫ કલાકે, બ્રહ્માણીકૃપા હોલ, કડી કેમ્પસ, સેકટર-૨૩ ખાતે કલા સંસ્કૃતિ દ્વારા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની દ્વિઅંકી નાટક 'જૂજવે રૂપે અનંત ભાસે' પ્રસ્તુત.

## આપની આજ

**મેષ** : કોઈપણ પ્રકારના વ્યર્થ ભ્રમમાં ન રહેતા સ્વવિવેકથી કામ કરશો તો સફળતા સંભવ છે. કુટુંબના સભ્યો સાથે મતભેદ ન થાય તેની કાળજી રાખવી.

**વૃષભ** : નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. મિત્રો અને કુટુંબના સભ્યો સહિત પોતાની આંતરિક પ્રસન્નતા અને આશાજનક વાતારણને કારણે પ્રયાસ સફળ થઈ શકશે.

**મિથુન** : આપના થકી નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા. કુટુંબીજનો સાથે સામજસ્ય બન્યું રહેવાની સંભાવના છે. લાભ અને સુખમાં વધારો થઈ શકશે.

**કર્ક** : તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે. વાંચવા લખવાનાં કાર્યમાં રુચિમાં વધારો થશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : લાંબા સમયથી ચાલી રહેલી કૌટુંબિક સમસ્યાઓનું સમાધન થઈ શકશે.વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે.

**તુલા** : આપનામાં આંતરીક પ્રભાવ વધવાથી શત્રુને પરાસ્ત કરી શકશો. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે. પૂર્ણ રીતે અભ્યાસ કર્યા વગર કોઈપણ પ્રકારનુ સાહસ ન કરવું.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધર્મના ક્ષેત્રમાં વિશેષ રુચિ જાગૃત થઈ શકશે. ધન પ્રાપ્તિનો વિશેષ યોગ.

**મકર** : સ્થાયી મિલકત, વાહન ખરીદીનો યોગ બને છે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે. ઉદર વિકારને કારણે ખાનપાન પર સંયમ રાખવું.

**કુંભ** : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. કર્મક્ષેત્રમાં વિશેષ ઉપલબ્ધિ અને નવા કાર્યોનો યોગ.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. નાણાંકીયક્ષેત્રમાં સમસ્યાઓ સંભવિત.

## ચિરવિદાય

- સ્વ. લક્ષ્મીબેન ગણેશભાઈ મારવાડી (ઉ.વ. ૨૭) મુ. વાસણા ચૌધરી, તા. દહેગામ, જી. ગાંધીનગર.
- સ્વ. પાર્વતીબહેન જવારાજી મારવાડી, (ઉ.વ.૫૧) મુ. મોટા ચીલોડા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. ડાહીબેન શકરાજી ઠાકોર, (ઉ.વ.૭૫) સેકટર-૧૫, ફતેપુરા, તા.જી. ગાંધીનગર.
- સ્વ. સોમાભાઈ હરજીભાઈ દેસાઈ, (ઉ.વ.૯૦) પ્લોટ નં. ૧૩૧૭/૧, સેકટર-૩બી, ગાંધીનગર

# શાળા પ્રવેશોત્સવમાં ભાજપા ગાંધીનગર મહાનગરના હોદ્દેદારોની હાજરી

ગાંધીનગર, તા.૨૮

ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર મહાનગરના ઉપપ્રમુખ જિજ્ઞેશ જોષીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર મહાનગરમાં તા. ૨૮, ૨૯ અને ૩૦મી જૂન દરમિયાન શાળા પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે પ્રથમ વર્ગમાં પ્રવેશ મેળવતાં ભૂલકાંઓને અભિવાદિત કરવા ભાજપાના હોદ્દેદારોએ ખાસ હાજરી આપી હતી.

ગાંધીનગર મહાનગર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પ્રથમ વર્ગમાં પ્રવેશ મેળવતાં ભૂલકાઓને દાતાઓના સહકારથી અંદાજે ૧૪૦૦ દફતર, પાટી તેમજ પેનની કીટનું વિતરણ પ્રવેશોત્સવ દરમિયાન કરવામાં આવશે. પાર્ટી દ્વારા આંગણવાડીના ભૂલકાઓને રમકડાઓનું વિતરણ કરવામાં આવશે. શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ગાંધીનગરની વિવિધ શાળાઓમાં સરકારના અધિકારીઓની સાથે મહાનગરના પ્રમુખ ઋચિર ભટ્ટના નેતૃત્વ હેઠળ પાર્ટીના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આગામી બે દિવસમાં પણ પાર્ટીના કાર્યકર્તાઓ આ કાર્યક્રમમાં જોડાશે.

# સિંધી સંતોના આકસ્મિક અવસાનથી ભારે શોક

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગરના નિયામક ડૉ. પુરુષોત્તમ હરવાણીએ તાજેતરમાં સિન્ધી સમાજના સાધુ-સંતોના અકસ્માતમાં થયેલા મૃત્યુ બાબતે ઊંડા શોકની લાગણી વ્યકત કરી છે.

સિન્ધી સમાજના સંત રાજુ રામજી, અશોકલાલ મહારાજ અને સ્વામી કિશોરીલાલનું તાજેતરમાં માર્ગ અકસ્માતમાં નિધન થયું છે. ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડ ગાંધીનગરના નિયામક ડૉ. પુરુષોત્તમ હરવાણીએ સ્વર્ગસ્થ સંતોના આકસ્મિક મૃત્યુ અંગે ઊંડા શોકની લાગણી વ્યકત કરી છે.

# સે. ૧૬માંથી ૨૫ વર્ષીય યુવાન ચાર દિવસથી લાપત્તા

ગાંધીનગર, તા. ૨૮

સે. ૧૬માં 'છ' ટાઈપ વિસ્તારમાં રહેતો ૨૫ વર્ષીય પ્રશાંત કાન્તિલાલ સોમાભાઈ અમીન ગત તા. ૨૫ જૂનથી લાપત્તા હોવાની જાણ સે. ૨૧ પોલીસમથકે કરવામાં આવી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સે. ૧૬માં બ્લોક નં. ૮૭/૩ છ-ટાઈપમાં રહેતા કાન્તિભાઈ તેમજ તેમના પત્ની લોકાચાર અર્થે બહાર ગયા હતા તે વેળાએ તેમનો પુત્ર પ્રશાંત ઘરેથી લાપત્તા થયો છે. પ્રસાંત અગાઉ અમદાવાદ ખાતે કારખાનામાં નોકરી કરતો હતો જ્યારે છેલ્લા દોઢ મહિનાથી નોકરી છૂટી ગયા બાદ તે ગુમછુમ રહેતો હતો. લાપત્તા યુવાન બ્લ્યુ જિન્સ અને ટી-શર્ટ પહેરી છે. અને જમણા હાથે ઓમ ચિતરાયેલો છે. સે. ૨૧ પોલીસના જમાદાર વસંતભાઈ ડાહ્યાજીએ તપાસ હાથ ધરી છે.

# કૌટિલ્ય ભટ્ટ અને જે. એમ. ઝાલાને સંયુક્ત સચિવપદે બઢતી અપાઈ

ગાંધીનગર, તા. ૨૮

રાજ્ય સરકારના કાયદા



વિભાગે એક કરેલા હુકમમાં બે નાયબ સચિવોને સંયુક્ત સચિવ તરીકે બઢતી આપવાના હુકમો કર્યા છે.

મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં ફરજો બજાવતા શ્રી જે. એમ. ઝાલાને સંયુક્ત સચિવ તરીકે બઢતી આપી તે જ જગ્યાએ ચાલુ રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત હાલ ગુજરાત હાઈકોર્ટમાં સરકારી વકીલની કચેરી ખાતે ફરજો બજાવતા શ્રી કૌટિલ્ય ભટ્ટને પણ સંયુક્ત સચિવ તરીકે બઢતી આપી તે જ જગ્યાએ ચાલુ રાખવામાં આવ્યા છે.

# ગાંધીનગર મહાનગર ભાજપ મહિલા મોરચા દ્વારા વક્તા પ્રશિક્ષણ વર્ગ યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધનગર મહાનગર ભાજપાના મહિલા મોરચા દ્વારા તાજેતરમાં મહિલા વક્તા પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. વકતા પ્રશિક્ષણ વર્ગમાં દરેક બહેનને બોલવાનો મોકો આપી પાર્ટીમાં મહિલાઓ સારી વક્તા બને તે માટેનો ઉમદા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

વનચેતના કેન્દ્ર ખાતે યોજાયેલા વકતા પ્રશિક્ષણ વર્ગમાં પ્રદેશ ઉપાધ્યક્ષ તથા ગાંધીનગરના પ્રભારી રમીલાબેન બારા તથા એસ.ટી. વિભાગના ડિરેકટર તથા ગાંધીનગરના ઈન્ચાર્જ કે.સી. પટેલ તથા પ્રદેશ મહિલા મોરચાના ઉપાધ્યક્ષ અને ગાંધીનગર મહિલા મોરચાના પ્રભારી હંસાકુંવરબા તથા સૂર્યાબેન ગાંધીનગરના સહપ્રભારી તથા ગાંધીનગર મહાનગરના હોદ્દેદારો, મહિલા મોરચાના પ્રમુખ ભારતીબેન શુકલ તથા મહામંત્રી તથા કોર્પોરેટર વોર્ડ નં. ૧૦ ના પરાગીબેન પંડયા ને ભાજપના મહિલા કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા ને પાર્ટીમાં વકતવ્ય તથા અન્ય મુદ્દાઓની ચર્ચા કરી હતી.

# ગાંધીનગરનું અનોખું તિર્થધામ... ક્રિષ્ના વૃધ્ધાશ્રમ

## વૃધ્ધાશ્રમો હોવા એ સંસ્કૃતિના પતનની નિશાની છે પણ કડવી વાસ્તવિકતા એ છે કે વર્તમાન સમયમાં વૃધ્ધાશ્રમો અનિવાર્ય છે

બચપણ, જવાની અને બુઢાપો જિંદગીના અનિવાર્ય તબક્કા છે પણ જવાની કયારેક એવું માની લે છે કે, અમે કયારેય વૃધ્ધ થવાના નથી અને એટલે જ ચારધામની યાત્રા કરી ગૌરવ અનુભવનારા કે સમાજના ભવનોમાં પોતાના નામની તકતી લગાડવામાં જિંદગીનું શ્રેય સમજનારા, ઘરનાં વડીલોને વૃધ્ધાશ્રમનો રસ્તો બતાવે છે. પોતાના વિશાળ બંગલામાં એકાદ ખુણે પણ બુઢાપો ખાંસતો હોય તો એનાથી એમનાં બંગલાની શોભામાં ખામી વરતાય છે. આપણને ગમે કે ન ગમે પણ સંસ્કૃતિની દુહાઈ દેનારા નગરોમાં વૃધ્ધાશ્રમની અનિવાર્યતા વધતી જાય છે. આ એક કડવી વાસ્તવિકતા છે. ગાંધીનગરમાં ભુવનેશ્વરી શક્તિપીઠ સે-૬ ની બાજુમાં જ મા ભવાનીના સાન્નિધ્યમાં ક્રિષ્ના વૃધ્ધાશ્રમ આવેલું છે. જે છેલ્લા ૧૫ વર્ષથી કાર્યરત છે. અહિં વેદના છે, વલોપાત છે અને કયાંક આક્રોશ છે. સ્ત્રીઓને કોઈ જગદંબાનું સ્વરૂપ માનતા હોય તો કેટલીય જગદંબાઓ અહિં આંસુ સારે છે. ઘરબાર કે પરિવારને છોડીને આવેલા વડીલો વેદનાને કોરાણે મુકી આનંદ અને મોજથી અહીં શેષ જિંદગી ગુજારે છે. એક વાત ચોક્કસ છે કે, યાત્રાધામની મુલાકાતે જનારાઓએ શરૂઆત વૃધ્ધાશ્રમ કરવી જોઈએ. વિઘ્નહર્તા ગણેશ અને કાર્તિકેયને પૃથ્વીની પ્રદક્ષિણા કરવાનું કહેવામાં આવ્યું ત્યારે ગણેશે માતા-પિતાની પ્રદક્ષિણા કરી પૃથ્વીની પ્રદક્ષિણાનું પુણ્ય મેળવ્યું હતું. આપણે લકઝરી બસ દ્વારા ગણેશના મંદિરે જઈએ છીએ અને રીક્ષામાં માતા-પિતાને વૃધ્ધશ્રમમાં મુકી આવીએ છીએ. ખેર! એક નજર ક્રિષ્ના વૃધ્ધાશ્રમમાં નાખી લઈએ... ઉડતી નજરની મુલાકાત છે... મહેસાણા - લાડોલના વતની અને બૉમ્બે પતિ સાથે રહેતા મધુબેન મફતલાલ પટેલ પતિનું અવસાન થતા અને ત્રણ દીકરાઓએ ઘરે રાખવાની આનાકાની કરતાં વૃધ્ધાશ્રમના સહારે ગાંધીનગર આવ્યા એમનો એક દીકરો અમદાવાદમાં રત્નકલાકાર તરીકે છૂટક કામ કરીને પેટીળું રળતો હતો. તેને મા પર લાગણી પણ પનો ટુંકો પડે, તે લાગણીથી માતાની સેવા કરવા વૃધ્ધાશ્રમમાં આવે અને જરૂર પડે અહીં રોકાઈ અન્ય વડીલોની પણ સેવા સુશ્રુષા કરતો. મધુબેનની બંને કિડની ફેઈલ થઈ ગઈ છે. છેલ્લા ત્રણ મહિનાથી ખાવા પીવાનું બિલકુલ બંધ છે. કોઈ પણ પ્રકારનો ખોરાક લઈ શકતા નથી અને છતાં કોણ જાણે કોનું ઋણ ચુકવવાનું બાકી હશે કે વૃધ્ધાશ્રમની ચાર દિવાલોમાં હજુ તેમના શ્વાસ ધબકે છે. સિવિલ હૉસ્પિટલમાંથી ડૉ. વૉરા સાહેબ તેમની મેડિકલ સારવાર કરે છે. અને વૃધ્ધાશ્રમથી થોડે છેટે રહેતા બાબુભાઈ જે. પ્રજાપતિ (પેથાપુરવાળા) તેમની સેવા કરે છે. દીકરો જયેશ અને પત્ની લીલાબેન પણ અવારનવાર અહીં આવી આ બધા વડીલોની સારસંભાળ લે છે.

**સર્વમાં ઈન્સાનિયતની શોધ ના કરશો કોઈ આ જમાનામાં ફક્ત એકાદ બે ઈન્સાન છે**

અને વડીલો પણ બાબુભાઈને જોઈ પ્રસન્નતા અનુભવે છે, એમને બાબુભાઈમાં પોતીકા જણના દર્શન થાય છે... મધુબેનને ૮૦ વર્ષ થયાં છે. કોઈને યાત્રાનું પુણ્ય કમાવું હોય તો મધુબેનની અંતિમ પળોમાં તેમના મોઢે ગંગાજળ કે તુલસીનું પાન મુકી પુણ્ય કમાવા ક્રિષ્ના વૃધ્ધાશ્રમની અવશ્ય મુલાકાત લે. બીજી એક કહાનીનું દર્દ જાણવા જેવું છે. ગાંધીનગરની પડોશમાં રહેતા એક ગામના વડીલ મોહનકાકા (નામ બદલેલ છે) અને તેમના પત્નીને પોતાનું ઘરબાર અને મિલકત છોડી ૭૫ વર્ષે વૃધ્ધાશ્રમની વાટ પકડવી પડી. પાંચ વર્ષથી કોઈ દીકરો તેમની ખબર કાઢવા આવ્યો નથી. બે દીકરીઓ અવારનવાર તેમની મુલાકાત લઈ માતા પિતાના આશીર્વાદ મેળવે છે. મોહનકાકા ને દીકરાઓ પર એટલો ગુસ્સો છે કે તેઓ કહે છે કે જો વૃધ્ધાશ્રમનું સંચાલન રાજુભાઈ કાન્તિલાલ ભટ્ટ કરે છે. અહીં રહેતા વડીલોને બે ટાઈમ જમવાનું સંતોષકારક મળી રહે છે. દવા કે મેડિકલ સારવારની જરૂર પડે તો બાબુભાઈ પ્રજાપતિ દોડતા આવી વ્યવસ્થા કરી આપે છે.

> **આ સ્થળની મુલાકાતે પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ, શ્રી શંકરસિંહ વાઘેલા તેમજ ગાંધીનગર સમાચારનાં મેનેજિંગ તંત્રી શ્રી કૃષ્ણકાન્ત ભાઈ જહાએ આવી વડીલોના આશીર્વાદ મેળવ્યા છે**

અહીંના વડીલો કયારેક લાગણીવશ કહે છે કે, અમારા પેટે તો પથરા જન્મ્યા પણ અમારો સાચો દીકરો તો જ આ જ છે. અમે ગુજરાતના બધા યાત્રાધામોની મુલાકાત - દર્શન લકઝરી બસ દ્વારા કર્યા છે. કોઈ યાત્રા સ્થળ બાકી નથી એ ગાંધીનગરના સેવાભાવી દીકરાઓના પુણ્ય પ્રતાપે. ભગવાન સૌનું કલ્યાણ કરશે. વડીલોના મનોરંજન માટે કેટલીક સંસ્થાઓ દ્વારા અહીં સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ અવારનવાર આયોજન થાય છે. વડીલોના આરોગ્યની ચિંતા કરી તેમને શુધ્ધ પાણી મળી રહે તે માટે આર. ઓ. પ્લાન્ટની વ્યવસ્થા ગાંધીનગરના વેપારી અગ્રણી શ્રી ચંદ્રકાન્તભાઈ સુખડિયા (રાધે સ્વીટ્સ) એ તાજેતરમાં જ કરાવી છે. આ સ્થળની મુલાકાતે પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુભાઈ પટેલ, શ્રી શંકરસિંહ વાઘેલા તેમજ ગાંધીનગર સમાચારનાં મેને. તંત્રી શ્રી કૃષ્ણકાન્ત ભાઈ જહાએ આવી વડીલોના આશીર્વાદ મેળવ્યા છે. કર્મફાલ્ય ટ્રસ્ટના સંચાલકની શ્રી રાજુભાઈ ભટ્ટ જણાવે છે કે, દાતાઓના દાનથી દિલેરી અને સખાવતોથી જ આ સંસ્થા આજ સુધી કાર્યરત છે. જો કે વૃધ્ધાશ્રમો હોવા એ સંસ્કૃતિના પતનની નિશાની છે પણ કડવી વાસ્તવિકતા એ છે કે વર્તમાન સમયમાં વૃધ્ધાશ્રમો અનિવાર્ય છે. બાકી પરસેવો પાડી પોતાના જીવન બાગને હરિયાળો કરવામાં જાત ઘસી નાખનાર વડીલોને આ બધુ છોડી વૃધ્ધાશ્રમની વાટ પકડવી પડે તે પોતાના પિયરનો ત્યાગ કરી સાસરે જનાર કન્યા કરતાં પણ વધુ કષ્ટ દાયી છે. એકનાં સંસ્કૃતિનું જતન છે બીજામાં સંસ્કૃતિનું પતન છે.

**- પોપટલાલ પ્રજાપતિ**

# સેકટર-૩માં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૮

સરકારી પ્રાથમિક શાળા સેકટર-૩માં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો. વૉર્ડ નં.૧૦ ના મ્યુ. કોર્પોરેટર શંકરભઈ ચૌધરી, રાકેશભાઈ પટેલ, શ્રીમતી પરાગીબેન પંડ્યા, સી.આર.સી. હંસાબેન ત્રિવેદી, કુમુદબેન ભટ્ટ, રક્ષાબેન રાવલ ઘણા મહાનુભાવોની હાજરીમાં ઉજવાયો હતો.

મીનાબેન સુતરીયા, રમીલાબેન વાઘેલા, ગૌરીબેન પરમાર, ઉમાબેન આનંદ, આશાબેન જાડેજા, મધુબેન પટેલ, શ્વેતાબેન, મેહુલભાઈ પટેલે શાળામાં બાળકોને પ્રોત્સાહીત કરીને શાળામાં દાન આપ્યું હતું. ધો-૧ ના બાળકોને દફતર, ચૉકલેટ, તિથિ ભોજન કરાવ્યું હતું. શાળાના આચાર્યશ્રી અમિતાબેન મહેમાનોનું સ્વાગત કર્યું હતું. પ્રફુલ્લાબેન ભાવસારે કાર્યક્રમ સફળ બનાવવા પ્રયત્ન કરેલ હતો.

# આજે રૂપાલ ગામે સુંદરકાંડના પાઠનું આયોજન

ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામે આજે તા. ૨૯મી જૂન-૨૦૧૨ને શુક્રવારે રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે.

સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આજે ૨૯મી જૂનને શુક્રવારે રાત્રે ૮.૩૦ કલાકે, ચૌકારી ચોક, રૂપાલ ગામ, જિ. ગાંધીનગર ખાતે સમગ્ર ગામના સાથ-સહકારથી સુંદરકાંડના સંગીતમય પાઠનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. સૌ ભક્તજનો સુંદરકાંડના પાઠમાં પધારવા આયોજકો દ્વારા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# શ્રીસ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં પૂ. સતીવૃંદનો ચાતુર્માસ પ્રવેશ

અજરામર સંપ્રદાયના પૂ. હંસાબાઈ મહાસતીજી તથા પૂ. અર્પિતાબાઈ મહાસતીજી તા. ૧લી જૂલાઈની સવારે શ્રી ગીરીશભાઈ ઝાટકીયા સેકટર-૨૨ના નિવાસેથી વિહાર કરી સેકટર-૨૨ સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ મંગલ પ્રવેશ કરશે. આર.ડી. ગાંધી, મંત્રીશ્રી ગાંધીનગર સ્થાકસવાસી જૈન સંઘે જણાવેલ છે.

# સ્વ. ઈશ્વરભાઈ પટેલના ચક્ષુઓનું દાન મળ્યું

ગાંધીનગરના પ્લોટ નં. ૫૧૨/૨, સેક્ટર-૨૩ ના રહેવાસી ઈશ્વરભાઈ શિવરામદાસ પટેલનો ૮૧ વર્ષની વયે સ્વર્ગવાસ થતાં સ્વર્ગસ્થના પરિવારજનોની સંમતિથી તેમના ચક્ષુઓનું દાન મેળવવામાં આવ્યું હતું.

ડૉ. કે.એમ. ચિતાણીયાની પ્રેરણાથી ઈશ્વરભાઈ પટેલના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું હતું. જુનિયર સિટીઝન કાઉન્સિલ સંસ્થાના કાર્યકર શનિભાઈ વાઘેલાએ સમગ્ર કાર્યમાં સેવા પુરી પાડી હતી. ચક્ષુઓને મોહનભાઈ મકવાણાએ ચક્ષુબેંકમાં પહોંચાડવા મદદ કરી હતી.

# પેથાપુર નગરપાલિકા વિસ્તારની શાળાઓમાં પ્રવેશોત્સવ સંપન્ન કરાવતા ભરત ગરીવાલ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના નગરપાલિકા અને શહેર વિસ્તારમાં આજથી ત્રિદિવસીય શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો -રંભ થયો છે.

પેથાપુર નગરપાલિકા વિસ્તારની વિવિધ શાળાઓમાં આજે રાજય નાણાં પંચના અધ્યક્ષ શ્રી ભરત ગરીવાલાએ આંગણવાડી, ધોરણ-૧ અને ધોરણ-૮ નાં બાળકોને શાળા-વેશવિધિ સંપન્ન કરાવ્યો હતો. તેમના હસ્તે બાળકોને કુમકુમ તિલક કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. તેમજ દફતર-સ્લેટ, આંગણવાડીનાં બાળકોને રમકડાં કીટ, કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ અને સાઈકલનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ -સંગે વિદ્યાર્થીઓ,વાલીઓ, શિક્ષકોને સંબોધતાં શ્રી ભરત ગરીવાલાએ જણાવ્યું હતું કે, જીવનમાં -ાથમિક શિક્ષણનું અદકેરું મહત્વ છે. તેથી જ શાળાને તીર્થભૂમિ કહેવામાં આવી છે. રાજય સરકારે -ાથમિક શિક્ષણને સર્વોચ્ચ -ાથમિકતા આપીને ઘણી બધી યોજનાઓ અમલી બનાવી છે. શાળાએ જયા યોગ્ય તમામ બાળકોનું શાળામાં નામાંકન થાય તે હેતુંથી આ -વેશોત્સવ ઉજવવામાં આવે છે. વાલીઓ-શિક્ષકોએ વિશેષ જાગૃતિ દાખવીને પોતાનાં સંતાનોની શૈક્ષણિક કારકિર્દી ઉજ્જવળ બનાવવી જોઈએ.

પેથાપુર કુમાર શાળા-૧/૨ની આંગણવાડીમાં ૯૭, ધોરણ-૧માં ૩૦, ધોરણ-૮માં ૬૭, વિકલાંગ-૨ વિદ્યાર્થીઓ, પેથાપુર કન્યા-૨ કુમાર-૩ શાળામાં આંગણવાડીમાં ૧૯ અને ધોરણ-૧ માં ૧૯ અને ધોરણ-૧માં ૧૯, ફતેહપુરા શાળામાં ધોરણ-૧માં ૧૩, ધોરણ-૮ માં ૫, આંગણવાડીમાં ૩ તેમજ સુરેલા -ાથમિક શાળામાં આંગણવાડીમાં ૫ અને ધોરણ-૧માં ૧૭ બાળકોએ -વેશ મેળવ્યો હતો. ફતેપુરા ખાતે ૧૪ વિદ્યાર્થીનીઓને સાઈકલ તેમજ ૩ વિદ્યાર્થીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ તેમજ સુરેલા ખાતે ૫ વિદ્યાર્થીનીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવ્યા હતાં.

આ -સંગે પેથાપુર નગરપાલિકા -મુખ શ્રી કનુસિંહ વાઘેલા, ચીફ ઓફિસર શ્રી એચ.કે.પટેલ, કેળવણી નિરીક્ષક શ્રી સંજય પરમાર, સી.આર.સી શ્રી શીલાબેન વોરા, બી.આર.સી શ્રી રાજુભાઈ વાઘેલા, નગરપાલિકા સભ્ય શ્રી રણજીતસિંહ વાઘેલા, શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસથિત રહયાં હતાં.